Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-4, March-2021

# જાંબુઘોડાના નાયકા - નાયકડા અને ૧૮૫૭ નો સંગ્રામ

મહેશકુમાર વી. ચૌધરી
મદદનીશ પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ,
સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, જાંબુઘોડા
જિ. પંચમહાલ

---

***સારાંશ :***

*હિંદની બહુવિધ ભૌગોલિક તેમજ સામાજિક પરિસ્થિતિઓમાં ગુજરાતને અપવાદ ન ગણી શકાય. તે જ રીતે અનેક જ્ઞાતિ, જાતિ કે સમુદાયોમાં આદિવાસી સમાજ પણ પોતાનું આગવું સ્થાન ધરાવે છે. તેમાંય જો વાત કરીએ પંચમહાલ જિલ્લાના નાયક – નાયકા - નાયકડા આદિવાસીઓની, તો તેઓ પણ એક આગવો સામજિક, ધાર્મિક, રાજકીય તેમજ ઐતિહાસિક વારસો ધરાવે છે.*

*પંચમહાલ જીલ્લાનો સળંગ ઈતિહાસ તારીખવાર મળવો મુશ્કેલ બલ્કે અલભ્ય છે, પરંતુ જિલ્લાનો ઐતિહાસિક વારસો જે અનેક રીતે ગૌરવપ્રદ છે. પંચમહાલ જિલ્લાના છેક છેવાડે આવેલા જાંબુઘોડા તાલુકાનું નારૂકોટ ગામ એક અતિ મહત્વનું એક સમયનું ઐતિહાસિક સ્થળ છે. ખુબજ ઝનૂની, શિકારી અને વહેમીલો સ્વભાવ ધરાવતી(બ્રિટીશ રેકર્ડના આધારે!!) નાયક, નાયકા કે નાયકડા કોમ જે ખૂબ મજબુત શારીરિક ક્ષમતા અને સહનશીલતા ધરાવે છે, તે કોમનું આ નારૂકોટ ગામ એક સમયે મુખ્ય થાણું હતું. જ્યાંથી આ નાયક કોમ હિંદુસ્તાન ઉપર આધિપત્ય સ્થાપનાર બ્રિટીશરો સામે તથા સ્થાનિક રજવાડાઓની સામે ઝનુનપૂર્વક લડાઈનું રણશિંગુ ફૂંકી તેમની ઉંઘ હરામ કરી નાખી હતી. પ્રસ્તુત શોધપત્રમાં જાંબુઘોડાના આ નાયક-નાયકા-નાયકડા આદિવાસીઓએ ૧૮૫૭ ના સંગ્રામમાં જે ભૂમિકા ભજવી હતી તેની છણાવટ કરવામાં આવી છે.*

***ચાવીરૂપ શબ્દો*** *: નાયકા-નાયકડા, જોરીયો, ટોકલપુર, નારૂકોટ*


---

**પૂર્વભૂમિકા : જાંબુઘોડા રાજ્યનો ઉદ્ભવ :**

ભૂતપૂર્વ જાંબુઘોડા સ્ટેટના રાજવંશીઓ, હાલના જાંબુઘોડા નરેશ વિક્રમસિંહજી મહારાણાના પૂર્વજો ઈ.સ.૧૩૪૪ માં મધ્યપ્રદેશના ધારથી રખડતા, રઝળતા રાજપીપળા થઈ નારૂકોટ આવ્યા હતા ત્યારે આ સ્થળે નારૂકોટમાં ટોકલ ભીલ નામનો રાજા રાજ્ય કરતો હતો. નારૂકોટમાં નારૂ નામનો પટેલ હતો. જેની મદદથી ધારથી આવેલા વસાજી અને લખાજી નામના આ શુરવીરોએ ટોક્લ ભીલ રાજા, તેજારાણી અને બે કુંવરોને મારી નારૂકોટની ગાદી હસ્તગત કરી હતી. સમય પસાર થતાં અને મોગલાઈ તથા સુલ્તાનોનું પતન થતાં અને રાજ્ય વહીવટ તમામ શીરે પાંગળો બનતાં, ગુજરાત રાજ્યમાં મરાઠી સત્તાનો ઉદય થયો. તેઓએ આક્રમણકારી બનીને ચારેબાજુથી ગુજરાતમાં વિવિધ વિસ્તારોમાં પોતાની રાજકીય સત્તાની જમાવટ કરી, પરિણામે ઈ.સ. ૧૭૨૬ની આસપાસ આ બધો પ્રદેશ મરાઠા સરદારોના હાથમાં આવ્યો અને મરાઠા સરદાર કંથાજી કદમ ભાંડેના પુત્ર કૃષ્ણાજીએ આ પ્રદેશ ઉપર પોતાનો અંકુશ જમાવ્યો, પરંતુ મરાઠા સરદારોની પરસ્પરની આતરિક સમજુતિને લઈ ૧૭૬૧માં ગ્વાલિયર ના મહારાજા સિંધીઆની હકુમતમાંથી આ આ પ્રદેશ સરકી ગયો અને નારૂકોટની તથા તેની આજુબાજુના વિસ્તારમાં આવેલ ડુંગરમાળાઓની બહાર બ્રિટીશ આધિપત્યની સ્થાપના થઈ.

આ રાજકીય અફડા તફડીના સમયે નારૂકોટ સંસ્થાના વહીવટકર્તાઓ આજે એક તરફ તો કાલે બીજી તરફ ઝુકતા રહી પોતાનું અસ્તિત્વ અને ગાદી ટકાવી રાખવા સમર્થ બન્યા, પરંતુ આ મરાઠા સરદારોની સાથે આવેલા પાયદળના મરાઠી સૈનિકો, જે આજના નાયક, નાયકડા અને નાયકા તરીકે ઓળખાય છે. તેઓએ અત્રેની આ ડુંગરમાળાઓમાં પોતાનું રહેઠાણ બનાવી સ્થિર થયા તેમ મળતી માહિતી પરથી જણાઈ આવે છે. આ નાયક કોમ સ્વતંત્રતાપ્રેમી હતી અને તે કોઈના આધિપત્યને સ્વીકારવા તૈયાર ન હતી. પરિણામે નારૂકોટની આજુબાજુનાં વિસ્તારોમાં તેઓએ પોતાની હુકુમત અને જાગીરદારી ઉભી કરી, જેમાં ડાંડીયાપુરા, વડેક વગેરે તથા હાલના પાવી-જેતપુર તથા રાજગઢ-ઘોઘંબા વિસ્તારમાં પણ પોતાનું આધિપત્ય જમાવ્યું હતું, પરંતુ તેઓનું મુખ્ય થાણું નારૂકોટની આજુબાજુ જ રાખ્યું. આ સમયે હાલના જાંબુઘોડા ગામનું અસ્તિત્વ જ ન હતું.

**રૂપસિંહ નાયક અને આરંભિક આંદોલનો :**




નાયકીરાજના પ્રણેતા રૂપસિંહ નાયકનો જન્મ ઈ.સ. ૧૮૧૫માં જાંબુઘોડા રાજયના નાથપરી ગામે થયો હતો. તેનું મૂળ વતન આ જ રાજયનું ડાંડિયાપુરા ગામ હતું. તેનો પિતા

ગોબર નાયક નારૂકોટ સંસ્થાનના જીંજરી ગામ પર વારસાગત ગિરાસી હક ધરાવતો હતો. તેને રાવલ ગોબર, ભાવસિંહ ગોબર અને જેઠા ગોબર નામના ત્રણ ભાઈઓ અને ગલાલીયા અને વલારીયા નામના બે દીકરાઓ તથા દેવલી અને દુણી નામની બે દીકરીઓ હતી. રૂપસિહ પોતે પડછંદ શરીર ધરાવતો તેના વાળ ઘણા લાંબા હતા. સ્થાનિક લોકવાયકાઓમાં રૂપસિંહ નાયકને 'જાંબુઘોડાના રાજા' તરીકે રજૂ કરવામાં આવે છે.

બ્રિટીશરો સામેનો ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ શરૂ થાય ત્યાર પહેલાં ડાંડિયાપૂરાનો નાયક રૂપસિંગ/રૂપસિંહ ૧૮૩૮માં સ્થાનિક વહીવટદારો જેઓ અંગ્રેજોના તાબામાં હતા, તેઓ સામે બગાવતનો બુંગિયો ફૂકી તેમને હતપ્રભ કરી દોડતા કર્યા હતા. પરંતુ આ સ્થાનિક વહીવટદારોની મદદમાં અંગ્રેજો આવતા અને તેઓની પાસે લડવા માટે સ્થાનિક હથિયારો હોવાથી અંગ્રેજોએ તેમને બંદી બનાવ્યા હતા. તેમ છતાં તેઓને માફી આપી અંગ્રેજોએ તેમને સ્વીકૃત કર્યા હતા. રૂપા નાયકનો સંગ્રામ આજની પેઢીને સમજવો અઘરો છે, પરંતુ તે સમયે રાજા-રજવાડાઓની એકહથ્થુ સત્તા અને અંગ્રેજોની આધુનિક હથિયારો સાથેની મદદ હોવા છતાં આ નાયકોને પકડવા કે તેઓને તાબે કરવા આ સૌને ભારે પરસેવો પાડવો પડ્યો હતો.

**એક હતો જોરીયો :**

કેટલોક સમય રૂપો નાયક શાંત રહ્યો, પરંતુ ત્યાર પછી નારૂકોટની કુંડલી પાછળ આવેલ વડેકમાંથી 'જોરીયો નાયક' નામની એક નવીન વ્યક્તિ બહાર આવી, જે વ્યક્તિનું ભારે વર્ચસ્વ સમસ્ત વિસ્તાર પર હતું અને તેની ઓળખ સૌ 'જોરીયો પરમેશ્વર' તરીકે આપતા હતા. આ 'જોરીયો પરમેશ્વર' નો ઈતિહાસ ખૂબ લાંબો છે.




જોરીયા કાલીયા નાયક ઉર્ફે જોરીયો પરમેશ્વર આદિવાસીઓનો કદાવર નેતા હતો. જોરીયા ભગતના જીવન અને કાર્યો વિશે તત્કાલીન દસ્તાવેજો અને નાયકાઓમાં

પ્રચલિત લોકવાયકાઓમાં પુષ્કળ વિગતો મળે છે. જોરીયા કાલીયા નાયક, મૂળ તો જાંબુઘોડાથી દોઢ માઈલના અંતરે આવેલા વડેક ગામનો વતની હતો. તેનો જન્મ ઈ.સ. ૧૮૩૮માં થયો હતો. તેનું શરૂઆતનું જીવન ખેડૂત તરીકેનું હતું. તેને બીજા ત્રણ ભાઈઓ પણ હતા. જે બધા નાયક આંદોલનમાં સક્રિય હતા. ચાર ભાઈઓ પૈકી જોરીયો અને ગજલા વડેકમાં, ખુમાનીયો ડાંડિયાપુરા અને દેવરો હીરાપુરમાં રહેતો હતો. જોરીયો ભગત થયા પછી તેની મા અને ભાઈઓને વડેક લઈ આવ્યો હતો.

વી. રાઘવૈયાહ નામના એક લેખકે **'Tribal Revolt in India'** નામનું પુસ્તક લખ્યું છે. જેના ૧૦મા પ્રકરણમાં ગુજરાતના નાયકો માટે જે કોઈ જાણકારી પ્રાપ્ત થઈ છે તેમાંથી ઠીકઠીક કહી શકાય તેવું આલેખન તેમણે કર્યું છે. જેમાં આ નાયકોએ જ તેમની સ્વતંત્રતાના અભિગમોને ભીલોમાં પણ પુરાવ્યો હોવાનું જણાવાયું છે. આ નાયકોએ ૧૮૫૪માં માથું ઉચક્યા પછી ૧૮૫૮માં ભાવસાહેબ પવાર નામના મરાઠા સરદારના સાથથી હથિયારો ઉઠાવી જાંબુઘોડા તથા આજુબાજુના અનેક થાણાઓમાં લુંટફાટ આદરી હતી. એટલુ જ નહી પરંતુ ઈંગ્લીશ કેપ્ટન બટ્સના હાથની આઠમી રેજીમેન્ટના નંબર એકની ટુકડી ઉપર હુમલો કર્યો હતો અને ત્રણ ચાર દિવસ લડાઈ પછી નાયકોને ભારે નુકશાન થતાં તેઓએ પીછે હઠ કરી હતી, નાયક લોકોની ઈચ્છા પોતાનું આગવુ રાજ્ય સ્થાપવાની હતી, પરંતુ તેમાં તેઓને સફળતા મળી ન હતી અને તેઓએ આ લડાઈઓમાં ભારે ખુમારી વેઠવી પડી હતી.

નાયક લોકોની મૂળ વસ્તી જાંબુઘોડા, સાગટાળા, સંખેડા તથા હાલોલ તાલુકાના ગામોમાં જ જે-તે સમયે સ્થિર થએલી હતી. જ્યાંથી તેઓ આજે વેર વિખેર થઈ એકલા, અટુલા, નોંધારા બની રક્ષણ અને સંગઠન વગરના થઈ સાબરકાંઠા-બનાસકાંઠા સહિતના અન્ય સ્થળોએ ભાગે ખેતી કરવા તથા મજુરી કરવા જાય છે. લગભગ દોઢસો-બસો વર્ષ પહેલાં આ નાયકો પર આધિપત્ય જમાવવાની કામગીરીરૂપે બલ્કે તેમનાથી રક્ષણ મેળવવા માટે અને તેઓના હુમલાથી બચવા માટે જાંબુઘોડામાં બ્રિટીશ સ્થાપત્ય મુજબનો કિલ્લો તેમજ વિવિધ કચેરીઓ પણ ત્યાં હતી. જેમાં પોલીસો તથા થાણેદારનું રહેઠાણ પણ હતું. અતિ મજબુત જેલ પણ હતી. જે બધુ જ આજે અત્રે ભંગાર અવસ્થામાં જોવા મળે છે. નાયક લોકો કેટલા શક્તિશાળી હતા તે જો જોવા જોઈએ તો તેમની પ્રવૃતિઓ સામે બ્રિટીશ શાસનનું અને દેશી રજવાડાઓના બનેલા સયુંકત લશ્કરોએ લશ્કરી કાર્યવાહી આરંભી હતી. જેમાં કેપ્ટન બાર્ટનના નેતૃત્વમાં આરબસેના, ગાયકવાડનું સહાયક લશ્કર, ભીલ કોઅર્સ સાથેના લશ્કરે તેમના પર હુમલો કરતાં અગિયાર જેટલા નાયક યોદ્ધાઓ વીરગતિને પામ્યા હતા અને ૫૮ જેટલાઓને પકડવામાં આવ્યા હતા. જેઓને સજા કરવામાં આવી હતી અને ફાંસી પણ આપી હતી. આ વીરત્વસભર સ્વતંત્રતાપ્રેમી નાયક કોમને તેમના જુના રીત-રિવાજો, વ્યસનોમાંથી મુક્તિ અપાવી તેને આજના સમાજ જોડે શિક્ષણ આપીએ તો તે એક ઉત્તમ કર્તવ્ય ગણાશે.

**જાંબુઘોડાનો કિલ્લો** :



નાયક આદિવાસીઓના આંદોલનોથી બચાવ માટે જાંબુઘોડા ખાતે ૧૯૬*૧૬૨ ફૂટનો એક મજબુત ચોખંડો કિલ્લો બાંધવામાં આવ્યો હતો.૧૮૬૯ માં તેનું બાંધકામ શરૂ થયું હતું અને ૧૮૭૨ માં પુરૂ થયું હતું. તેની પાછળ ૪૨,૭૦૦ રૂપિયા ખર્ચ થયો હતો. જાંબુઘોડા સ્ટેટના વહીવટ સમયે અત્રેથી આ કિલ્લામાંથી તેઓ રાજ્યનો વહીવટ ચલાવતા હતા અને આ કિલ્લામાં રેવન્યુ, પોલીસ, ન્યાયાલય, જંગલ ખાતાના અમલદારોની વગેરેની વિવિધ કચેરીઓ પણ ત્યાં હતી. જેમાં પોલીસો તથા થાણેદારોનું રહેઠાણ પણ હતું. અતિ મજબુત જેલ પણ હતી. જે બધુ જ આજે અત્રે ભંગાર અવસ્થામાં જોવા મળે છે.

**૧૮૫૭ નો સંગ્રામ અને નાયક આદિવાસીઓ** :

ઉપર ચર્ચા કરી તે મુજબ પંચમહાલ જિલ્લાના નાયકડાઓ, ઠાકોરો તથા બીજી આદિવાસી પ્રજાઓ અંગ્રેજ સરકારની વિરૂદ્ધ હતી, કારણ કે રાજાઓ તેમની ઉપર જુલમો ગુજારતા. રાજાઓની ભાગીદાર અંગ્રેજ સરકાર બનતી. સૌપ્રથમ સંખેડાના નાયકડાઓએ એમના રૂપા નાયક અને કેવળ નાયકની સરદારી નીચે અંગ્રેજ સરકાર સામે બંડ પોકાર્યું. આ અંગે ડૉ. આર.કે. ધારૈયા પોતાના ગ્રંથ ' Gujarat in 1857' માં નોંધે છે :

"The Naikadas of the district of panchmahals were greatly dissatisfied with the british rule in Gujarat because it supported the claims of their overload against their own. Morever they were instigated by rebel leaders like Bhav Saheb Pawar. As a result, the Naikadas of Sankheda in the district of Panchmahal, took arms under their leaders Rupa Niak and Keval Naik. They plundered of Thana Narukot and attacked the english force under captain Bates at jambughoda, but Bates defeated them, so they retreated to the hills. Bhav saheb's agent Ganpatrav was arrested and so the rebellion was about to lose momentum, but walayatees, under the leadership of Watlock khan, joined the rebels, As a result, they occuped the territory between Champaner and Narukot. They harrased the British troops and attacked the british Thanas up to Godhara. Therefore Colonel Wallace was instructed to them. He could not succeed against them upto the end of the December

1858. The Naikadas used to attack suddenly the posts of Government forces and then immediately dissapear in the nearby hills and forests. It was very risky to pursue them there. In a Skirmish of the british troops with the Naikadas and the Walayatees on 28th January, 1859 Captain Hatward was Severely Wounded by a match-lock bullet and a Walayatee Husain Ali surprised the force of the company by his sudden attacks. The Subedar of the Government troops was killed with 6 other men. Then the rebels disappeared in the forests near Shivrajpur.

Meanwhile Captain Rechard Banner took charge of the district of panchmahals. He kept his head quarters at Godhara to subdue the rebels. He also recruited hills of the panchmahals in his army. They proved to be very useful in giving correct information about the rebels bacause they knew the area very well. By their help the Government forces attacked the hiding places of the rebels. Rupa and Keval then felt that they could not sustain for a long time against the goevrnment forces. Morever , Richard banner offered them liberal terms. So, Rupa surrendered on 10th March, 1859 and Keval followed him soon. Therefore, the rebellion subsided after about a year bringing peace to the district."

નાયકડાઓ કેટલાય વખતથી તકની રાહ જોતા હતા અને આ તક ૧૮૫૭ની ક્રાંતિથી તેમને મળી ગઈ. તાત્યા ટોપેના ગુજરાત આગમન પહેલાં ગાયકવાડ રાજાના નજીકના સગાંઓ એટલે કે રાજવી કુટુંબના સભ્યો પેશવાની તરફદારી કરતા હતા, કારણ કે તેઓને પેશવા સાથે કૌટુંબિક સંબંધો હતા. સાથે રાજઘરાનામાં ચાલતી આંતરિક ખટપટો પણ કારણભૂત હતી. મહારાજાના ખૂબ જ નજીકના સગા ભાઉસાહેબ પવાર જે તાત્યા ટોપેના ખૂબ જ નજીકના વિશ્વાસુ બાતમીદાર ગણપતરાવના સંપર્કમાં હતા. ભાઉસાહેબ પવારનો નાયકડાઓના સરદાર રૂપા નાયક અને કેવળ નાયક ઉપર પ્રભાવ હતો. આથી ગણપતરાવની મારફતે નાયકડાઓને અંગ્રેજો સામે યુદ્ધ કરવા તૈયાર કર્યા. જેથી તાત્યા ટોપેના આગમન પહેલાં પંચમહાલ અને રેવાકાંઠામાં તાત્યાના લશ્કરને કોઈ મુશ્કેલી ન પડે. ૨૮ જુન, ૧૮૫૮ના રોજ તાત્યા ટોપેના લશ્કર અને અંગ્રેજ સેના વચ્ચે ગ્વાલિયરમાં યુદ્ધ થયું. આ યુદ્ધમાં તાત્યાની હાર થઇ. આથી એમણે ઝડપથી નિર્ણય કરી લીધો કે હવે પછી ક્યાં જવું, જ્યાં તેને મદદ મળી રહે જેથી તે અંગ્રેજ સેનાનો ફરીથી મુકાબલો કરી શકે. ગ્વાલિયરની હાર પછી તાત્યાએ રાજસ્થાન તરફ નજર દોડાવી, પરંતુ તેને તે અનુકૂળ ન લાગ્યું. આ પછી તેમણે મહારાષ્ટ્ર તરફ વિચાર્યું પણ તે અનુકૂળ ન લાગ્યું, કારણ અંતર ઘણું દુર હતું અને અંગ્રેજ સેના પીછો કરી રહી હતી. આથી તેની નજર ગુજરાત અને વડોદરા પર ઠરી, કારણ વડોદરા એ ગાયકવાડનું રાજ્ય હતું. ગાયકવાડ રાજવીઘરાના સાથે પેશવા, ભોસલે, ગ્વાલિયર,સતારા વગેરે રાજવી કુટુંબો સાથે કૌટુંબિક અને પારિવારિક સંબંધો હતા. વળી, વડોદરાના મહારાજા સિવાય પેશવાના માણસો સાથે સંપર્કમાં પણ હતા. બાપુ ગાયકવાડ, દાદાસાહેબ ગાયકવાડ (મહારાજાના મોટા ભાઈ) રાજા ભોસલે, જેવા અનેક તેમજ ન્યાલચંદ ઝવેરી જેવા અનેક વેપારીઓ પણ અંગ્રેજ સરકાર સામેનાં જુદાં જુદાં ષડ્યંત્રોમાં સામેલ હતાં. ફક્ત અનુકૂળ સમયની રાહ જોતા. જેથી વખત આવે અંગ્રેજ સરકારને ઉથલાવી શકાય. આ બધાં પાસાંઓનો વિચાર કરી તાત્યાએ ગ્વાલિયરથી વડોદરા તરફ જવાનું નક્કી કર્યું અને તેને મદદ કરવા માટે તાત્યાના વિશ્વાસુ

બાતમીદાર ગણપતરાવ ભાઉસાહેબ પવારની મદદથી પંચમહાલ અને રેવાકાંઠામાં તાત્યાના આગમન પહેલાં તખતો ગોઠવાઈ ગયો હતો. બરાબર એક મહિના પછી એટલે ૨૯મી નવેમ્બર, ૧૮૫૮ના રોજ તાત્યા ટોપેનું છોટાઉદેપુરમાં આગમન થયું. જ્યાંથી તે આગળ વધી વડોદરા જવા માગતો હતો.

વડોદરાના મહારાજા ખંડેરાવ ગાયકવાડનું સંપૂર્ણ ધ્યાન નાયકડાનો બળવો દબાવવામાં હતું અને તે દ્વારા શાંતિ સ્થાપી અંગ્રેજ સરકારને મદદ કરવાનું હતું. વડોદરા રાજ્યે પોતાનાં બધાં જ સાધનો કામે લગાડયાં હતાં. વાહનવ્યવહાર માટે અશ્વો, ઊંટો અને સાથે ગાડાઓ, માણસો, પૈસા તથા માલસામાન રાખવા માટેની જગ્યાઓ આ બધામાં સૌથી વધારે મહત્વની અને અગત્યની વસ્તુ એટલે કે લડાઈમાં વ્યૂહ ઘડવા માટે દુશ્મનની ચાલ જાણવી જે ખુબ જ અગત્યની છે અને જરૂરી પણ છે. દુશ્મનની વ્યૂહરચના જાસુસી તંત્ર દ્વારા જાણી શકાય છે. આ માટે ગાયકવાડ સરકારે તે પ્રદેશના જાણકાર ભોમિયાઓ અને ચુનંદા બાતમીદારોની પણ જાળ વિકસાવી હતી. જે લડાઈ જીતવા માટે સૌથી અગત્યની વસ્તુ છે. આ જવાબદારી ગાયકવાડ મહારાજાના ખૂબ જ વિશ્વાસુ અને રેવાકાંઠાના પોલીટીકલ એજન્ટ માધવરાવ ખંડેરાવને સોંપવામાં આવી હતી. તેમની સાથે સંખેડાના વહીવટદાર હીરાલાલ દેસાઈ અને વડોદરા સરકારના કામદાર ભાઉ નાગોથાનેકરને રાખવામાં આવ્યા. તેઓએ લીધેલાં પગલાં અંગેનો રીપોર્ટ રેસિડન્સી તથા યુદ્ધમાં રહેલા લશ્કરના ઉપરી અધિકારીઓને પણ પહોંચાડવાનો હતો.

રેકર્ડ ઉપરથી જાણવા મળે છે કે નાયકડાઓએ સૌથી પહેલાં બળવાની શરૂઆત ૧૮૫૭ના ઓક્ટોબર મહિનામાં કરી. તેમણે પ્રથમ ચાંપાનેર અને નારુકોટના વાંસના ખુબ જ ગાઢ જંગલોમાં શરૂઆત કરી અને તે ગોધરા સુધી વિસ્તરી, તેઓ લોકોને લૂંટી લેતા. ગામડાઓમાં જઈ ધાડ પાડતા અને ખેતરના ઊભા પાકને નુકસાન પહોંચાડતા. આ પ્રવુત્તિથી ડરી ગામમાં વ્યાજખાઉનો ધંધો કરતા વાણીયાઓએ ઉચાળા ભરવા માંડ્યા. તેમની જગ્યાએ ગામનું રક્ષણ કરવા સૈન્ય આવ્યું. તેનો પુરવઠો જેમાં ખાદ્યસામગ્રીઓથી માંડી હથિયારો પણ ઊંટો ઉપર અને ગાડાં વાટે છેક જાંબુઘોડાથી લાવવામાં આવતો હતો.

અંગ્રેજ લશ્કરની સરદારી કર્નલ વેલ્સને સોંપવામાં આવી હતી. અંગ્રેજ લશ્કર અને નાયકડા વચ્ચે પહેલી અથડામણ હાથિયા પાલનપુર ગામ પાસે થઇ. બે હજારથી વધારે નાયકડાઓ એકઠા થઇ ગયા. જંગલોમાંથી કીકિયારો અને વિચિત્ર અવાજો તેમજ તીરકામઠાથી સજ્જ નાયકડાઓએ કર્નલ વેલ્સ સાથે સામસામી યુદ્ધ કર્યું. પછી નાયકડાઓ પોતાની તાકાતમાં વધારો કરવા જંગલમાં ચાલ્યા ગયા. બીજે દિવસે એવા અહેવાલો મળ્યા કે નારુકોટ જંગલમાં બીજા ચારસો લોકો ભેગા થયા છે. તેઓએ જંગલનાં ઝાડ કાપી શિવરાજપુરથી જાંબુઘોડા વચ્ચેના રસ્તે લશ્કરને આગળ માર્ચ કરવાનું લગભગ અશક્ય બનાવી દીધું. નાયકડાઓએ જંગલમાંથી પસાર થતા ઘાટો ઉપર પણ ચોકીઓ ગોઠવી દીધી. નાયકડાઓએ કર્નલ વેલ્સના લશ્કર ઉપર ધરોણા ગામ પાસે હુમલો કર્યો. પરંતુ આ સમયે

કર્નલ વેલ્સ હાલોલમાં હતો. તે બીજી કુમક મોકલી શકે તેવી પરિસ્થિતિ ન હતી, કારણ કે નાયકડાઓએ આડશો ઊભી કરી હતી. વળી જાંબુઘોડાથી હાલોલનો માર્ગ ગાઢ જંગલોમાંથી પસાર થતો હતો. કર્નલ વેલ્સની હાજરીમાં નાયકડાઓએ કર્નલ વેલ્સના કેમ્પ ઉપર હુમલો કર્યો. અંગ્રેજ કેપ્ટન ઘવાયો. ગામનાં ઘરોને સળગાવી દીધાં. દિવસે દિવસે નાયકડાઓનું જોર વધતું જતું હતું.

આથી કર્નલ વેલ્સને જુદાં જુદાં પગલાં વિચારવાની ફરજ પડી. આના ભાગરૂપે ડભોઇ અને સંખેડાના વહીવટદારોને સુચના આપી કે વડોદરાથી જતો પુરવઠો તાત્કાલિક બંધ કરાવો, કારણ કે નાયકડાઓ વડોદરાની સરહદમાં રહે છે. વળી નાયકડાઓ માટે તાત્કાલિક હાજરીપત્રક રાખવાનો હુકમ કર્યો. હાલોલ પરગણામાં રહેતા લોકોને હથિયાર રાખવાનાં લાઇસન્સ આપવાનું જણાવ્યું. આમ નાયકડા સામે લડવા તથા તેમને રોકવા જુદા જુદા હુકમો અંગ્રેજ સરકારે કર્યા, પણ આ બધાં અગમચેતીનાં પગલાંનો કોઈ જ અર્થ ન હતો. આ પગલાં યુદ્ધભૂમિમાં અંગ્રેજોને કોઈ કામ ન લાગ્યાં અને તેનાથી તેમનો હેતુ પણ ન સર્યો. નાયકડાઓ ગાઢ જંગલોમાં જતા રહ્યા અને ત્યાંથી અંગ્રેજો સામે ગેરીલાયુદ્ધ શરૂ કર્યું. તેઓ ગમે ત્યારે લશ્કરની ટુકડી ઉપર છાપો મારી પાછા જંગલમાં નાસી જતા. લશ્કરને પહોંચાડવામાં આવતો પુરવઠો કાપી નાખતા. પુરવઠામાં આવતા અનાજને લૂંટી જતા કે હથિયારો ઉઠાવી જતા અને આમ લશ્કર સરસામાન વગર હેરાન પરેશાન થઇ જતું હતું.

કર્નલ વેલ્સે જંગલને જોડતા સરહદી રસ્તાઓ ઉપર નાકાબંધી કરી તેમનો પીછો કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ જંગલના ભોમિયા એવા નાયકડા ટૂંકી પગદંડીનો ઉપયોગ કરી પલાયન થઇ જતા. નવેમ્બર મહિનામાં નાયકડાઓએ અંગ્રેજોનું નાક કાપ્યું. તેમની હાજરીમાં જ નાયકડાઓએ બે ગામો ઉપર ઓચિંતો હુમલો કરી બે ગામોને ભસ્મીભૂત કરી નાખ્યા. લોકોમાં અને ખાસ કરીને ભોમીયાઓ અને વળાવિયાઓ ડરના માર્યા કામ કરવાની ના પાડવા લાગ્યાં. અંગ્રેજ લશ્કર બંદુકો અને તોપોથી સજ્જ હતું, પરંતુ અચાનક નાયકડાનું તીરકામઠાઓથી સજ્જ ચિચિયારો પાડતું અને વિચિત્ર અવાજો કરતું પવનની ગતિએ આવતું ટોળું વિનાશ વેરી પાછું ડુંગરો ઉપરના ગાઢ જંગલોમાં અદ્રશ્ય થઇ જતું. આથી ક્રોધે ભરાયેલા અંગ્રેજ અમલદારોએ નાયકડાનાં બે ગામો સળગાવી મૂક્યાં, વડોદરાના મહારાજા ખંડેરાવ પરેશાન થઇ ગયા અને ડભોઇના વહીવટદારને હુકમ કર્યો કે તરત ગમે તેમ કરી માલુ ગામના નાયકડા બાપુ નાયકને પકડી હાજર કરો. જાંબુઘોડાનાં તોફાનો પાછળ તેનો હાથ છે. વળી તેની તમામ માલમિલકત જપ્ત કરો, પણ આ બધું કરવાથી તો પરિણામ ઊલટું આવ્યું. તોફાનો ઓછાં થવાને બદલે વધી ગયાં. સંખેડાના વહીવટદારે એક સૂચન કર્યું કે, ભદરપુર, સંખેડા અને ઉદેપુરના દરેક ગામમાં આઉટપોસ્ટો ઊભી કરો. દરેક ગામમાં ૧૦ ચોકિયાતો રાખો. આ સુચન માન્ય રાખવામાં આવ્યું અને દરેક વ્યુહાત્મક જગ્યા ઉપર આઉટપોસ્ટો ગોઠવવામાં આવી. આ દરમિયાન અંગ્રેજ લશ્કરની વધારે ટુકડી આવી. સંખેડાનો

પોલીસફોર્સ સંખેડાના વહીવટદારને સોંપવામાં આવ્યો. વડોદરાના રાજાએ જાહેર કર્યું કે જે સિપાઈઓ પુરા ખંત, મહેનત અને વફાદારીથી ફરજ બજાવશે તેને યોગ્ય ઇનામ આપવામાં આવશે. જેતપુરના તાબાનાં ગામોમાં રાખેલ લશ્કર માટે એવી વ્યવસ્થા કરવામાં આવી કે દરેકને પાંચ દિવસનું રેશન આપવું, કારણ કે તેમને ગાઢ જંગલમાંથી જવાનું હોય છે. આ રીતે નાયકડાઓ સામે લડવાનો પ્લાન જાન્યુઆરી, ૧૮૫૯માં તૈયાર થયો. એવું નક્કી કરવામાં આવ્યું કે લશ્કરને ત્રણ ભાગમાં વહેંચી દેવું. દરેક ગ્રુપ જુદા જુદા રસ્તાથી નાયકડાઓ ઉપર હુમલો કરે. કેપ્ટન વિલ્સન અને બ્રુમવેલ જંગલમાં તેમને ઘેરી લે અને તેમને જંગલમાંથી બહાર આવવાની ફરજ પાડે. અંગ્રેજ લશ્કર અને ગાયકવાડના લશ્કરે બધી તૈયારીઓ સાથે અને સંપૂર્ણ સાધન સરંજામ સાથે હુમલો કર્યો. પરંતુ નાયકડા તેમના કરતા વધારે ચાલાક નીકળ્યા. અંગ્રેજ સરકારની જેમ તેમને પણ તેમના બાતમીદારો તરફથી અંગ્રેજ લશ્કર અને ગાયકવાડના લશ્કરની હિલચાલની જાણ પહેલેથી થતી હતી. તેથી અંગ્રેજ અને ગાયકવાડ લશ્કર જંગલમાં પ્રવેશી તેમની ઉપર હુમલો કરે તે પહેલા તેઓ તે જગ્યા ખાલી કરી પલાયન થઇ ગયા હતાં. બીજી અંગ્રેજ લશ્કરની ટુકડીએ શિવરાજપુરના જંગલમાં નાયકડાઓને ભેટો થઇ ગયો. ખૂંખાર યુદ્ધ થયું જેમાં અંગ્રેજ લશ્કરનો એક કેપ્ટન ઘાયલ થયો અને ઘણા લશ્કરના સિપાઈઓ જખમી થયા અને મરાયા. નાયકડાઓનો સફાયો કરવો કે તેમને જેર કરવા એ લોઢાના ચણા જેવું હતું.

જયારે અંગ્રેજ સરકારની કોઈ પણ કારી ફાવી નહિ, નાયકડાઓને જેર કરવાના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા, દિવસે દિવસે નાયકડાઓની ગામડાઓમાં ધાક વધવા લાગી ત્યારે અંગ્રેજ સરકારને લાગ્યું કે લશ્કરના બળથી તેમનું મોત નહી કરી શકાય, ત્યારે તેમણે કુટનીતિની ચાલ અજમાવવાની શરૂ કરી. ભાગલા પાડો અને જીતો એ નીતિ અહીંયાં પણ અજમાવી. કર્નલ વેલ્સે ગોરજ ગામના નાયકડાઓની મિટિંગ બોલાવી. નાયકડાઓની એકતામાં ભાગલા પાડવાની શરૂઆત કરી. નાયક ભાઉસિંહજી ભાલુ જે મલુ/માલુ ગામનો મુખીયો હતો. તેને પોતાની તરફેણમાં લાવવા પ્રયત્નો શરૂ કર્યા. કર્નલ વેલ્સે નાયકડાઓને સમજાવ્યા કે તમે અમને સહકાર આપો. તમને બધા જ પ્રકારનું રક્ષણ પૂરું પાડીશું. તમારે અમારાથી ડર રાખવાની જરૂર નથી. આ જ પ્રમાણે સાગવાડ અને વડોસીના નાયકડાઓને પોતાની તરફેણમાં કર્યા. ***'અંગ્રેજોને વફાદાર રહેશો તો અંગ્રેજ સરકાર તમને પુરતું વેતન આપશે અને રોજ રોજના સંઘર્ષનો અંત આવશે.'*** અંગ્રેજોની આ કુટનીતિની ચાલ ફળી. જુદા જુદા કબીલાના મુખીયાઓએ રૂપા નાયકને સમજાવ્યો જે અંગ્રેજ સરકાર સામેના બંડનો મુખ્ય સુત્રધાર હતો. આખરે રૂપા નાયક માની ગયો અને ૧૦મી માર્ચ, ૧૮૫૭નાં રોજ તેણે અંગ્રેજો સાથે સંધિ સ્વીકારી પોતાનાં હથિયારો મૂકી દીધાં. આ પછી ભીમા નાયકે પોતાના સાથીઓ કે જે તેની સાથે આ બળવાના સુત્રધાર હતા તેવા ભીમા નાયક અને કેવળ નાયકને સાપુતારા જઈને સમજાવી આવ્યો. તેઓએ પણ સમાધાન કરી લીધું. અંગ્રેજોએ કુટનીતિથી

નાયકડાઓનો બળવો સમાપ્ત કર્યો. જો કે આ રૂપા નાયકે હાર સ્વીકારી લીધી એમ રાખે માનતા. આના કરતાં પણ મોટું વ્યાપક આંદોલન રૂપસિંહ નાયક, જોરીયો પરમેશ્વર તેમજ અન્ય નાયક-બારિયા ક્રાંતિકારીઓ ૧૮૬૮ માં ચલાવ્યું હતું. જોકે અંતે ૧૬ એપ્રિલ, ૧૮૬૮ ના રોજ તેઓને આપેલ ફાંસીથી આ નાયકોના અંદોલન અને તેના નેતૃત્વને અંગ્રેજોએ કુટનીતિથી કચડ્યું હતું.

આ નાયકો કે જેને બ્રિટીશ રેકર્ડમાં ખુબજ અન્યાય કરી તેને બહારવટિયો અથવા લુંટારૂ તરીકે ચિતરેલ છે. ૧૮૫૪માં આ 'જોરિયા પરમેશ્વર જોડે, 'રૂપોનાયક', 'બાધરિયા ફકીરા', 'રૂપાનો દિકરો ગલાલીયો' 'વુંલેરિયા', 'ઝીંગોનાયક' વગેરે અનેક નાયક કોમના નેતાઓ જોડાયા અને જાંબુઘોડા તાલુકાના સમગ્ર વિસ્તાર પર પોતાનું આધિપત્ય જમાવ્યું એટલુ જ નહી, પરંતુ આ નાયક આગ્રણીઓને બ્રિટીશરોએ પકડ્યા. પછી તેઓ સામે જે કેસ અંગ્રેજોએ ૧૭ ફેબ્રુઆરી, ૧૮૬૮માં મુંબઈ રાજ્યના ગવર્નરના એજન્ટ ડબલ્યુ. એચ. પ્રોપર્ટ પાસે જાંબુઘોડામાં જ ખાસ અદાલત સ્થાપી ચલાવ્યો. તેમાં તેઓએ જણાવ્યું હતુ કે, આ નાયક કોમના અગ્રણીઓએ વડોદરાના ગાયકવાડના અધિકારીઓ સાથે પણ વાટાઘાટો યોજી હતી, જેમાં તેઓને સફળતા મળી ન હતી કારણ કે, તે સમયે સ્વતંત્રતા સંગ્રામને વડોદરામાંથી જ જરૂરી સહકાર પ્રાપ્ત થયો ન હતો.

નાયક કોમના આ બળવાને કારણે કે તેઓની સ્વતંત્રતાની ઝુંબેશના કારણે ૧૮૩૮થી ૧૯૧૭ સુધી જાંબુઘોડા સ્ટેટનો નો વહીવટ અંગ્રજ સરકારે પોતાના હસ્તક લઈ સ્ટેટ પર જપ્તી મૂકી હતી. જે નેવું વર્ષ સુધી રહી હતી અને આ નેવું વર્ષ સુધી અહીનો વહીવટ અંગ્રેજોએ સંભાળ્યો હતો. રૂપા નાયકના વંશજો- 'ગુલાબ નાયક', 'ઝીંગો નાયક' વગેરેએ ડાંડિયાપુરા ગામ ખાલી કરી ડુંગર ઉપરના પોયલી ગામમાં વસવાટ કરેલ છે. ઝીંગા નાયકને છ-એક છોકરીઓ હતી. નામે ભટલી, ચાંદલી, ગુસ્ટી, દુલી, દેવલી વગેરે હતી. જેનો વસ્તાર આજે ચાલવડ, ઝબાણ, નિઝરણ-ફળિયા, ડૂમા વગેરે ગામો છે. જેમાં આજે પોયલીનો રૂપા નાયકનો વારસદાર ભાવસિંહ નાયક ત્યાનો સરપંચ બન્યો હતો. આજે વડેખ જે જોરિયા પરમેશ્વરનું ગામ હતું તે ત્યાં, ડાંડિયાપુરા જે રૂપા નાયકનું ગામ હતું તેને નાયક કોમ શ્રાપિત ગામ માને છે, ત્યાં એકપણ નાયકનું ઘર કે વસ્તી નથી. જોરિયા પરમેશ્વરનો વંશજ રામજી નાયક તથા તેનો વંશજ બિજલ હયાત નથી, પરંતુ તેના કુટુંબીજનો ધનપુરી ગામમાં વસે છે. ડાંડિયાપુરાના રૂપસિંહ નાયક તથા ચારને ઈ.પી.કોડની કલમ ૧૨૧ બ્રિટીશ તાજ સામે યુદ્ધ છેડવા બદલ તથા કલમ ૧૨૫ તાજના મિત્ર રાજ્યો દેવગઢબારિયા, છોટાઉદેપુર, જાંબુઘોડા વગેરે સામે યુદ્ધ છેડવા બદલ તથા કલમ-૧૨૬ મુજબ કાનૂની કાર્યવાહી કરી ૧૬ એપ્રિલ, ૧૮૬૮ના રોજ ફાંસી આપવામાં આવી તથા અન્ય કેટલાકને પણ ભારે સજાઓ કરવામાં આવી.

**એક છેલ્લી વાત – તારતમ્ય સ્વરૂપે !! :**

આંદોલનો, યુદ્ધો વગેરે સામ્રાજ્યવાદની જ પેદાશ ન કહી શકાય. હક્કો અને ન્યાય મેળવવાની જીજીવિષા પણ જવાબદાર હોવી

ઘટે. કઈક એવું જ થયું આ નાયકોની સાથે, પરંતુ રૂપસિંગ નાયક અને અન્યને થએલ સજા પછી આ નાયક કોમ ફરી સંગઠિત ન થાય તેની ધાકને લીધે આ સમગ્ર કોમને જાંબુઘોડા તથા આજુબાજુના વિસ્તારમાંથી મોટે પાયે હિજરત કરાવડાવી તેમણે ચગદી નાખવામાં આવી. જાંબુઘોડા સ્ટેટ પરથી ૯૦ વર્ષની જપ્તી ઉઠતાં આ સ્ટેટનો વહીવટ હાલના રાજવીના પરદાદા ગંભીરસિંહજીને સોપવામાં આવ્યો હતો, પરતું તેમના અવસાન બાદ તેમના પુત્ર રણજીતસિંહજી ગાદીએ આવતા તેઓએ જાંબુઘોડા સ્ટેટમાં અનેક કાયદાઓ અમલી કરી ફરજિયાત મુક્ત શિક્ષણની વ્યવસ્થા કરી હતી. સાથે સાથે આદિવાસીઓની જમીન જાગીર પણ સ્ટેટની મંજુરી વગર કોઈ ખરીદ, વેચાણ કરી શકતું ન હતું.

આદિવાસીઓમાં સૌથી વધુ જો કોઈ કોમને સહન કરવાનું આજે પણ છે તો તે કોમ નાયકની છે. કેળવણી ક્ષેત્રે અત્યંત પછાત હોવાથી તે સંગઠિત નથી અને જૂના રિવાજો તથા વ્યસનોમાં તેમની આવક તેઓ ગુમાવે છે. નાયક કોમની સ્ત્રીઓ પુરૂષો કરતાં વધુ હોશિયાર અને વહીવટ ક્ષેત્રે નિપૂણ હોવાથી ઘરનો મોટાભાગનો કારભાર તેઓ સંભાળે છે. તેમની ભાષામાં મરાઠી ભાષાની છાટ છે.ગેરીલા યુદ્ધ પદ્ધતિની કળા મરાઠી પ્રજાનો વારસો તેઓમાં ઉતર્યો હોઈ શકે તેમ કહેવું યોગ્ય જ છે !! મધ્ય ગુજરાત અને તેમાંય પંચમહાલના આ નાયક આદિવાસીઓ પર સંશોધનની અને શક્યતાઓ જોઈ શકાય છે.

**સંદર્ભસૂચિ :**


૧. ભાવસિંહ રાઠવા (સંપાદક), પુરૂષાર્થી પંચમહાલ, "*બ્રિટીશરો સામે ખૂંખાર જંગ ખેલનારા નાયકો*", (લેખક - કિશોર જાની).

૨. અરૂણ વાઘેલા, વિસરાયેલા શહીદો- પંચમહાલના નાયક આદિવાસીઓનો આઝાદીનો જંગ (૧૮૩૮-૧૮૬૮) , જ્યોતિ વાઘેલા (પ્રકાશક), અમદાવાદ, ૨૦૧૫.

3. Gazetteer of the Bombay Presidency, Vol. VI, Rewa kantha, Narukot, Cambay and Surat States, 1880.

૪. R K Dharaiya , Gujarat in 1857.

૫. આશુતોષ ભટ્ટ ,૧૮૫૭ ક્રાંતિમાં ગુજરાત, ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, સપ્ટેમ્બર. ૨૦૦૭.

૬. રાજેશ કોઠારી, ૧૮૫૭ માં ગુજરાતનું પ્રદાન (બ્રિટીશ ગુજરાતના વિશેષ સંદર્ભમાં), અપ્રકાશિત મહાશોધનિબંધ, ગુજરાત યુનીવર્સીટી, અમદાવાદ, ૨૦૧૨.

૭. અરૂણ વાઘેલા, સાંસ્થાનિક ગુજરાતનાં આદિવાસી આંદોલનો, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૨૦.

૮. P.M.Joshi (General Editor), Historical Selections from Baroda Records(New Series), Disturbances in Gujarat (1857-1864), Part 2, Baroda Record Office, Baroda, 1962.

૯. લાધાભાઇ હરજી પરમાર, ધી રેવાકાંઠા ડિરેક્ટરી, વોલ્યુમ-૨, સ્વદેશ બાંધવ ઓઈલ એન્જીન પ્રેસ, રાજકોટ, ૧૯૦૩.